નમસ્કાર ગાંધીનગર

પમરાટ

નથી માણસ ખરાબ હું, અને સારો પણ નથી
ઇશ્વરનું હું સર્જન છું,કોઇ ઉતારો પણ નથી.
તમોને ચાહયા છે દિલ ફાડીને,અમારી મરજી,
તમે અમોને ચાહો જ, એ પણ ધારો નથી !

- મેહુલ ભટ્ટ

પાથેય

- રમેશ ઠક્કર

ખુશીઓનાં બૂંદ...

ઝીણી નજરનો પણ એક આગવો નજારો હોય છે.આપણે ઝાકમઝોળના માણસો છીએ..માણસને નાનું કશું જ ગમતું નથી.આપણી દોટ કશુંક વિશાળ ફલક પામવાની જ હોય છે..દુનિયામાં હંમેશાં મોટી ઘટનાઓ કે મોટા માણસોની જ નોંધ લેવાતી જોવા મળે છે.આપણે એવું માનીએ છીએ કે જે પ્રસંગો ભરચક હોય એ જ જાણે ભવ્ય હોય ! હકિકતમાં સત્ય ઘણીવાર નાના માણસો પાસે પડયું હોય છે..આપણા રોજિંદા ધ્યાનમાં ના આવતી કેટલીયે નાનકડી ઘટનાઓ પણ યાદગાર હોઇ શકે છે.

આપણી ગાડી ખુલ્લી સડક ઉપર સડસડાટ દોડતી રહે છે..જરીક ધ્યાન દઇએ તો રસ્તાની બંને ધાર ઉપર અને ખુલ્લા ખેતરોમાં કેટકેટલો વૈભવ પથરાઇને પડયો હોય છે..વાડની વચ્ચે સરકી જતી ચકલીઓ કે ખિસકોલીઓનો રમત જોવા જેવી હોય છે..આપણે અવનવાં પેઇન્ટિંગસ જોયાં હશે પણ ખેતરના ચાસ અને એની ભાત કયારેક નિરાંતે નીરખવા જેવી હોય છે..નજરને હજુ વધારે ઝીણી કરી કોઇ ફૂટતી કૂંપળની મુલાયમ ત્વચાને સ્પર્શ કરવાની અનુભૂતિ ઇશ્વરના સાક્ષાત્કાર જેવી હોય છે.

સત્ય ઘણીવાર ક્ષણમાં છુપાયેલું જોવા મળે છે..ભોજનનો આનંદ નાના કણમાં ટપકે છે..સૌંદર્ય કોઇ નાનકડા દ્રશ્ય માં સમાયેલું છે,એમ જ આનંદ શોધવો હોય તો નાના નાના પ્રસંગો એ માટે મહત્વના હોય છે..આપણી દોડ સપાટી ઉપરની જ બની રહે છે..નિરાંતે ચાલવાનો વૈભવ પણ માણવા જેવો હોય છે..ભારત જેવા વિશાળ દેશની આઝાદી માટે સતત વ્યસ્ત રહેતા ગાંધીજી અનેકવિધ પ્રવૃત્તિઓ વચ્ચે પણ પોતાની બકરીને ઘાસ નાખવાનો સમય કાઢી શકે...કોઇ કાવ્યનો અનુવાદ પણ કરાવી શકે..હસી મજાક કરી શકે અને એ રીતે જીવનનો આનંદ લઈ શકે એ બાબત અનોખી છે.

મોટાભાગે આપણે સહુ સુખ કે આનંદ માટે પ્રચલિત રસ્તાઓ શોધીએ છીએ.કોઇ મોટા મેળાવડાઓ,જાણીતા બગીચા કે ભવ્ય પરિસર કે જાણીતા બીચ એ આપણી તલાશ હોય છે..ઘણીવાર નાનકડા કૌટુંબિક પ્રસંગો કે કોઇ મનગમતી એકલદોકલ વ્યકિત સાથેની વાતચીત આપણને રિચાર્જ કરી નાખે છે. એકાદ ખૂણે આપબળે ઉગેલું કોઇ વૃક્ષ અને એની ખુમારી સજાવેલા ગાર્ડનમાં શોધી મોતી નથી..મહાકાય હોટલો કે શોપિંગ મોલનો ચળકાટ આપણને અભિભૂત કરે છે પણ કોઇ નાનકડા ઢાબાના ખાટલે બેસી જમવાનો આનંદ કે કોઇ નાનકડી દુકાનેથી ખરીદી કરવાનો વૈભવ પણ કમ નથી હોતો..

જગતમાં નાનું પણ છે..અને મહાકાય પણ છે..વિશાળ પણ ઘણી બધી ચીજો છે..મર્યાદિત વિસ્તારવાળા પ્રદેશો પણ છે..છ ફૂટની હાઇટ ધરાવતા માણસો છે તો એની સામે લીટલ માસ્ટરો પણ છે..આમ જોઇએ તો આ બધું સાપેક્ષ છે..કહેવાય છે ને કે સૌંદર્ય જોનારની નજરમાં સમાયેલું છે..એમ જ ઘણીવાર જીવવનું પરમ સત્ય કે સાચો આનંદ કોઇક અજાણી કેડી ઉપર કે કોઇક સાધારણ લાગતી ઘટનામાં પડયો હોય છે..

સાંસદોની ગેરહાજરી : એક પ્રકારનો દેશદ્રોહ

તંત્રીસ્થાનેથી...

પ્રજાતંત્રની વ્યાખ્યા આપણને અમેરિકાના રોડમોડેલ રાષ્ટ્રપ્રમુખ લિંકન પાસેથી મળી છે. પ્રજાનું, પ્રજા દ્વારા, પ્રજા માટે ચાલતું શાસન તે પ્રજાતંત્ર. ડેમોક્રસી. પ્રજા જ પોતાના શાસકો ચૂંટી મોકલે. એટલે દેખીતી રીતે જ એમની પાસે એ પ્રજાને વફાદાર રહેશે એવી અપેક્ષા પણ રહે જ રહે. વળી એમને ચૂંટવા માટે પ્રજાના જ પૈસાથી ચૂંટણી યોગ્ય છે અને ચૂંટાયા પછી પ્રજાના જ પરસેવાના પૈસા એમના માન-સન્માનની જાળવળીથી લઈ એમનાં પગારભથ્થાં અને નિવૃત્ત થયે પેન્શન રુપે વપરાતા રહે છે. પ્રજાના પ્રતિનિધિ બન્યા પછી જો ધારાસભ્યો કે સાંસદો એમની સૌથી પ્રાથમિક ફરજ એવી ગૃહમાં હાજરી આપવામાં પણ અખાડા કરે તો શું એ પ્રજાદ્રોહ ના ગણાય ? અને લોકશાહી રાષ્ટ્ર માટે તો પ્રજાદ્રોહ એ રાષ્ટ્રદ્રોહનો જ પર્યાય બની રહેવો જોઈએ. પરંતુ આઝાદીના અમૃત પર્વે પહોંચેલી વિશ્વની સૌથી મોટી લોકશાહીના નીતિનિર્ધારકો આ મુદ્દે તદ્દન બેદરકાર સાબિત થતા રહ્યા છે. એક વાર ચૂંટાઈ ગયા એટલે રાજા. હવે કોણ પૂછનાર છે? પાંચ વર્ષ પછી ચૂંટણી આવશે ત્યારની વાત ત્યારે. એ વખતે વળી ગમે તેવું ગતકડું વહેતું કરીને પાર્ટીના તરાપે તરી જવાશે. સંસદ કે ધારાસભ્યોમાં ઘણા લાંબા વખતથી આવી માનસિકતા ઘર કરી બેઠ છે. હવે તેઓ પ્રજા કરતાં પાર્ટીને વધુ મહત્ત્વ આપે છે કારણ કે પ્રજા પણ વ્યક્તિને નહીં પણ પાર્ટીને વોટ આપવાનું પસંદ કરે છે. ભારતીય જનતા પાર્ટી પાસે મોદી જેવો એક ચહેરો છે અને ક્યારેય ખૂટે નહીં એવા અક્ષયપાત્ર જેવો હિંદુત્વ નામનો મુદ્દો છે. એની પાસે કોંગ્રેસ દ્વારા ઉપેક્ષિત સરદાર પટેલ અને સુભાષચંદ્ર બોઝ જેવા નેતાઓ પણ છે ! આથી ચૂંટાઈ આવ્યા પછી સાંસદ કે ધારાસભ્યનું મુખ્ય લક્ષ્ય તો શક્ય હોય ત્યાં સુધી પાર્ટી હાઈકમાંડને રાજી રાખી મંત્રી-બંત્રી બની જવાનું અને ઢગલો રુપિયા રળી લેવાનું જ હોય છે. વળી ટિકિટ પાકી કરવા માટે એ વારંવાર મુખ્ય નેતાના મુજરા ભરતો રહે છે અને દરેક કાર્યક્રમમાં એમની પ્રશસ્તિ કરતો રહે છે. કોંગ્રેસમાં આ જ રીતરસમ ઈંદિરા ગાંધીના શાસનકાળમાં ચાલી હતી. ભાજપમાં એ જ કાર્યપ્રણાલી મોદી શાસન દરમિયાન અમલી બની છે. મુખ્ય રાષ્ટ્રીય પાર્ટી ગમે તેટલી દયાજનક હાલતમાં હશે તો પણ એમાં પરિવાર પ્રશસ્તિ ચાલતી જ રહેશે. પ્રાદેશિક પાર્ટીઓમાં પણ એક મુખ્ય નેતાની આજુબાજુ જ ગરબા ગવાતા રહે છે. ચૂંટણી નજીક આવે ત્યારે વિકાસ કર્યો વીજળી વેગે શરૂ કરાય છે અને યુદ્ધના ધોરણે પૂરાં કરાય છે એ માટે અત્યાર લગી અટવાયેલા નાણાંનો એકસામટો ધોધ વહેવા લાગે છે. કારણ કે ગત ચૂંટણી વખતે આપેલાં વચનો પૈકી થોડાં ઊડીને આંખે વળગે એ રીતે પૂરાં કરી પ્રજાને પોતાની કાર્યદક્ષતા બતાવવાની પાર્ટી અને એના નિશાન પર ચૂંટાયેલા પ્રતિનિધિની અનિવાર્ય મજબૂરી બની રહેતી હોય છે. વિપક્ષ સામે વિકાસ કાર્યો અને પછી મુખ્ય એજંડા લેખે ઈમોશનલ કાર્ડ ખેલી પુનઃ સત્તારોહણ માટે સજ્જ થવું પડે છે. આ બધી જંજાળમાં સાંસદ કે ધારાસભામાં ચાલતાં સત્રો વખતે હાજરી આપવાનો મુદ્દો એકદમ ગૌણ બની જતો હોય છે. ખુદ વડાપ્રધાન શિયાળુ સત્રમાં એક દિવસ હાજરી આપ્યા પછી એમના સંસદીય વિસ્તારની સજાવટમાં અને ઉત્તરપ્રદેશથી લઈ ગોવા સુધીની ચૂંટણીના પ્રચારકાર્યમાં વ્યસ્ત થઈ ગયા છે. જરૂરી ખરડા તો પસાર થઈ જ જતા હોય છે. પણ રેલીઓ વધારે અગત્યની બની રહે છે. એક તરફ કોરોના પ્રોટોકોલ પ્રજા પર થોપી દેવાય છે અને બીજી તરફ ભીડ એકઠી કરવા માટે તંત્રને રીતસર આદેશો અપાતા રહે છે ! વડાપ્રધાને સંસદમાં ગેરહજાર રહેતાં સાંસદો સામે લાલ આંખ પણ કરી જોઈ, પરંતુ ગુરુ ગોળ ખાતા હોય અને ચેલાઓને ગોળ ખાવાની મનાઈ ફરમાવે તે કેમ ચાલે ? ચેલાઓને પણ ખબર છે કે ગુરુ ગમે તેટલા આકળવિકળ થશે તો પણ એ તો વારાણસીની સીટ જ લડવાન છે. આપણી સીટ પર બીજો કોઈ ચડી ન બેસે એટલા સારું આપણે આપણી સીટ જ સાચવીને બેસી રહેવું ડહાપણભર્યું છે. એટલે મોદીની ચીમકી છતાં ડઝનબંધ ભાજપી સાંસદો શિયાળુ સત્રમાં ધરાર ગેરહાજર રહ્યા છે અને તેથી વડાપ્રધાન અકળાયા પણ છે. ત્યાં સુધી કે પ્રશ્ન પૂછનારા અને પેટા પ્રશ્નો પૂછનારા સાંસદોએ પણ ઘરે આરામ ફરમાવ્યો છે. કાં તો એ પણ ચૂંટણી પ્રચારમાં જોતરાયા હશે કે પછી એમના ઘરે અથવા સગાસંબંધી કે કાર્યકરને ત્યાં વરઘોડિયા હશે. કોઈએ બીમારીનું બહાનું આગળ ધર્યું છે તો કોઈએ મરણ-પરણનું. મોદી માટે સાંસદોની ટિકિટો કાપી નાખવાનું કામ અઘરું નથી. પરંતુ એ પણ દ્વિધા તો જરૂર અનુભવતા હશે. એ જામી પડેલા નેતાઓ નવા વછેરાઓને જીતવા દેશે એવી ખાતરી પણ પણ નથી. એકવાર ચૂંટાયેલો સાંસદ કે ધારાસભ્ય ભલે પોતે જીતી શકવાની લાયકાત ગુમાવી બેઠો હોય પણ પાર્ટીમાં રહીને કે એન ટાઈમે પાર્ટી છોડીને પાર્ટીના ઉમેદવારને હરાવી તો શકે જ!

ગુમાવેલો સમય એટલે અસ્તિત્વ, એનો કરેલો ઉપયોગ અર્થાત્ જીવન

સાવ પરપોટા જેવો આ અવતાર છે.
ને સમયની સપાટી અણીદાર છે
જિંદગી, જિંદગી ! આપણાં બે મહીં,
કોણ છે અશ્વને કોણ અસવાર છે?

- રઈશ મણિયાર

એક વખત એક માણસે કોઈકને પૂછ્યું કે, મને મારા કામનો પચ્ચીસ વરસનો અનુભવ છે. પેલાએ પૂછ્યું, 'તમારું કામ શું છે?' ત્યારે એ ભાઈએ જવાબ આપ્યો, 'ઘંટ વગાડવાનું, હું સ્કૂલમાં પટાવાળો છું.'

મિત્રો, કહેવાનું તાત્પર્ય એ કે યાંત્રિક ઘરેડબદ્ધ કામમાં અનુભવનું વૈવિધ્ય ન હોય અને પરિણામે તે જીવન વિકાસમાં બહુઉપયોગી ન નીવડે. મોટેભાગે આપણે બધાં જ સવારથી સાંજ સુધી આવી યંત્રણામાં જ ગોઠવાયેલા છીએ. આ ઘરેડબદ્ધ ગોઠવણમાં સો ટકા સલામતીની ખાતરી મળી રહે પણ સાહસ છીનવી લે... એટલે આવું રણશિયુ જીવન મોળું ને ફિક્કુ જ હોય ! જીવનરસ ક્યાંથી સંભવે ?!

ગતાનુગતિકતામાં ઘસડાતા સમાજના બહુજનવર્ગમાં નવો પ્રાણ પૂરવા સમયાંતરે ઉત્સવો દોડી આવે છે. ઘડી બે ઘડી ઘરઝંઝાળી આટાપાટા હડસેલી એક નવા આનંદ-ઉત્સાહમાં ડૂબકી લગાવી નિરસ-શુષ્ક જીવનને તાજગીથી મધમધતું કરી દે છે.

વિકસતા વિજ્ઞાને દુનિયાને નાનકડી બનાવી દીધી. વૈશ્વિકરણે ખાન-પાન, આચાર-વિચારને પોશાકમાં પરિવર્તન આણી દીધું. આજથી ચારેક દાયકા પહેલાં તો અમદાવાદ કે મુંબઈ કમાવા જનાર પણ વિદેશ ગગયા હોય એવું લાગતું... અને એ જયારે વર્ષે દહાડે ઘેર આવે ત્યારે તો વિદેશથી કોઈ મહેમાન આવ્યા હોય એવો ઠાઠ ને આદર સત્કાર થતો.... આજે આ બધું ઘર આંગણાનું થયું... એ સમયે ગામડાના તહવારોય સાવ ઝાંખા... ઓછી ઝાકમઝોળ ને અલ્પ સાધનોમાં સમેટાઈ જતા.... અપવાદરુપ કયાંક સંપન્ન પરિવારો આખા ગામનું આકર્ષણ બનતા...

હવે તો પશ્ચિમી દુનિયાના 'રે' આપણે ઉજવતા થયા છીએ.... ક્રિસમસનો તહેવાર પર વ્યાપક થતો જાય છે. મહારાષ્ટ્રનો ગણેશોત્સવ આખા ગુજરાતમાં ફેલાઈ ગયો. પતંગોત્સવ હવે વૈશ્વિક સ્પર્ધામાં આવ્યો. નાના હતા ત્યારે નાતાલની રજા પડતી એની મજા, બાકી ક્રિસમસ એટલે શું ? એની કશીયે ગતાગમ નહીં...

વિશ્વના દરેક દેશની સભ્યતામાં અવનવા ઉત્સવોની પ્રણાલિકા વણાયેલી જ છે, જે તે દેશની પ્રજાનો સંસ્કાર વારસો છે, પ્રજા ઘડતરના મુખ્ય બળ રુપ આ પર્વો પેઢી દર પેઢી પોતાના સંસ્કાર વારસાને હસ્તાંતરિક કરે છે. સંસ્કૃતિ અને તેની ધર્મ ચેતનાને જલતી રાખે છે, ક્રિસમસનો તહેવાર એટલે કેક, કેન્ડલ અને કેરલ્સ. નાતાલના એ અનોખા તાલ સાથે જીવનનો તાલ મિલાવી નૂતન વર્ષને આવકારીએ. ક્રિસમસ એટલે પ્રભુ ઈસુનો પ્રેમ સંદેશ પચાવવાનું પર્વ... પોતાના અંતિમ સમયે પોતાના શિષ્યોના પગ ભીના કપડાંથી લૂંછતા લૂંછતાં ઈસુએ તેમને કહ્યું, 'હું તમારો સેવક છું. તમે પણ આ જ રીતે સમગ્ર સમાજના સેવક બની રહેજો.' આ વાત બધા જ કહેવાતા મહાનુભાવોને સમજાય તો પૃથ્વી પર સ્વર્ગ ઊતરી આવે...

દોસ્તો, આજની કોઈ મોટી વિડંબના હોય તો તે છે, કે આજના માણસે તેના જીવનનું ઊંડાણ ગુમાવી દીધું છે. માત્ર સર્વ બાબતે ઉપલકિયાને કૃત્રિમ બની બેઠા છે. આ ભારતીય સંસ્કૃતિ તો વિચારપૂજક રહી છે, 'ચારેક દિશાઓમાંથી શ્રેષ્ઠ વિચારો અમને મળતા રહો.' એવી વેદોની ગર્જના છે. સ્વાર્થ અને ભોગ સિવાય બીજો કોઈ વિચાર આવ્યો છે ખરો ?! જિંદગી આમ જ ગતાનુગતિક બની વેડફી નાખવાની !! કવિ પ્રિયકાન્ત મણિયારનું કાવ્ય યાદ આવે છે; સમયનું સોનું સમયની સાથે સતત વપરાતું જ રહે છે અને આપણે મનેફાવે તેમ વાપરતા જ રહીએ છીએ. અડધો સમય જાતને શણગારવામાં ને અડધો સમય વાતને શણગારવામાં વહી જાય છે. આખરે... પડ્યું પ્રમાદે કથીર થયું તે જાગ્યોયે, નહીં વ્હેમ!

અનુસંધાન પાના નં. ૭ પર

દિન મહિમા

- નેતાજી સુભાષચંદ્ર બોઝએ ૩૦ ડિસેમ્બર, ૧૯૪૩ના રોજ પોટ બ્લેયર્સ ખાતે સૌ પ્રતમ વકત ભારત દેશનો તિરંગો ફરકાવ્યો હતો.
- ડૉ. વિક્રમ સારાભાઈની પુણ્યતિથિ : ભારતીય અંતરિક્ષ સંશોધન સંગઠન ઈસરોના સ્થાપક ડૉ. વિક્રમ સારાભાઈની આજે પુણ્યતિથિ છે.

આજનું

ઔષધ

- તાજા આમળાનો ૬૦ ગ્રામ રસ અને ૨૫ ગ્રામ મધ મેળવી પીવાથી પાંડુરોગમાં લાભ થાય છે.

ખડખડાટ

- એક વાત પૂછવાની છે આજે રાતે મારે સાબુદાણાની ખીરડી બનાવી છે તો એમાં સાબુ કયો વાપરવોનો ? ખબર હોય તો કેજો ?

આજનો

વોટ્સએપ

- સુખ માણસના અભિમાનની પરીક્ષા લે છે અને દુઃખ માણસની ધીરજની પરીક્ષા લે છે.

અર્ઝ કીયા હૈ...

- તારે જે તારું અજવાળું પ્રગટાવવું પડે,
  ચાહે ભલે આકાશને ખોદાવવું પડે,
  આ રેત, રણ ના કૂળની છે,
  ઝટ નહીં રીઝે,
  એકાદ વાદળ ને હવે બોલાવવું પડે.

  ○ સુરેશ ભટ્ટ.
- કોઈ ના મળે તમને
  તો તમે સામેથી કોઈને મળી જાય,
  અહમ્ ને મુકો આઘો
  થોડી લાગણીમાં પલળી જાવ...

  ○ અજ્ઞાત્.

ઈશ્વર સાથે કરાતી ચેટિંગ એટલે પ્રાર્થના

બે હજાર એકવીસનું આ વરસ હવે પૂરું થવામાં છે, વરસનું છેલ્લું અઠવાડિયું પસાર થઈ રહ્યું છે ત્યારે મને વારંવાર પ્રાર્થના કરવાનું મન થઈ રહ્યું છે. આ આખું વરસ હેમખેમ પસાર કર્યું એ માટે ઈશ્વર અને એણે મોકલેલા દરેક દેવદૂતને મનોમન "થેંક યુ" કહેવાય જ જાય છે.

તમારા મનમાં પણ ક્યારેક તો આવા વિચારો આવી જતાં હશે, હેં ને? કેટલાક કહેશે, હું ભગવાનમાં નથી માનતો/માનતી એટલે મને આવો વિચાર આવવો અસંભવ છે. ઠીક છે માન્યું, તમે ભગવાનમાં નથી માનતા, ભગવાન ના સહી પણ કોઈક પરમ શક્તિ છે આ દુનિયામાં જે આખી દુનિયાનું સંચાલન કરે છે એટલું માની શકો છો કે એની પણ ના? નાસ્તિક હોવું ખોટું નથી, એ લોકોને પોતાની જાત ઉપર વધારે વિશ્વાસ હોય છે એમ રાખીએ તો એ લોકો એમને પોતાને પ્રાર્થના કરી શકે છે. પ્રાર્થના કરવાથી એક અદ્ભુત શાંતિ મળે છે અને એટલે જ એ કરવી જોઇએ.

તમે ક્યારેય વિચાર્યું છે કે, એવું તો શું છે કેટલાક માણસો પાસે કે એ જે ઈચ્છે તે એમને મળી જ જાય છે, એ લોકો કેમ સફળ છે, સુખી છે? મહેનતની જ વાત કરીએ તો એ તો બધા જ કરે છે અને તોય કેમ કેટલાક લોકો મહેલોમાં રહે છે અને કેટલાક ઝૂંપડીમાં જ આખું જીવન વિતાવે છે. અહીંયા હું કહું કે એ જાદુ પ્રાર્થનાનો છે તો અડધા લોકો આટલેથી જ આ આર્ટિકલ વાંચવો છોડી દેશે, પણ જો હું કહું કે એ જાદુ સંકલ્પ-શક્તિનો, તીવ્ર ઈચ્છા-શક્તિનો છે, તો? તોય દસ વીસ ટકા મારી વાત સાથે સહમત નહીં જ થાય.

સફળ માણસો સફળ કેમ થાય છે? કેમ કે એ હંમેશા સફળ થવાનો જ વિચાર કરે છે. નિરંતર એમના મનમાં એક જ ધૂન ચાલુ હોય છે કે મારે આટલે સુધી પહોંચવાનું છે અને પ્રયત્ન કરતા છેવટે એ લોકો ત્યાં પહોંચી જાય છે. હવે જો તમે એ વિચારોને ઈશ્વર સાથે જોડી શકો તો એ પ્રાર્થના છે અને ઈશ્વરથી અલગ રહીને પ્રયાસ કરો તો એ સંકલ્પબળ છે. પ્રાર્થના કરીને આગળ વધે એના મનમાં કોઈ ભય, કોઈ ચિંતા નથી હોતી, કેમ કે એને વિશ્વાસ હોય છે કે એના માથે પરમ પિતાનો હાથ છે. એ વ્યક્તિ દરેક તણાવને ઈશ્વર ઉપર છોડી હળવા મને એનું કાર્ય કરી શકે છે અને એટલે જ સારામાં સારું કામ કરી લે છે. જે વ્યક્તિ સંકલ્પબળને સહારે આગળ વધે છે એ સફળ તો થાય જ છે પણ એ ભાગ્યે જ એની ચિંતાઓના વમળમાંથી બહાર આવી શકે છે. એ માણસ હરહંમેશ જાગતો રહે છે, એની સફળતા ટકાવી રાખવા સખત કાર્યશીલ રહે છે.

જે લોકો સફળ નથી થઈ શકતા એ પાછા ભગવાનમાં નથી જ માનતા એવું નથી. કેટલાકને ઈશ્વરમાં શ્રધ્ધા જરૂર હોય પણ મનથી નબળાં હોય છે. ભગવાન ભરોસે બધુ છોડીને કાર્ય કરવામાં મન પરોવવાના બદલે એ લોકો કાર્યના પરિણામ વિશે વિચારવા લાગી જાય છે અને ત્યાં જ સફળતા એમને હાથતાળી આપી છટકી જાય છે. કોઈ કામ કરતા પહેલા તમારા મનમાં શું વિચાર આવે છે એ ખૂબ અગત્યનું છે. હું આમાં નિષ્ફળ જઈશ તો? અહીંયા મારા રૂપિયા ડૂબી જશે તો? મારું નસીબ ક્યારેય મારો સાથ નથી આપતું, મારી સાથે કશું જ સારું નથી થવાનું. – આવા જ વિચારો સાથે કામની શરૂઆત થાય તો નિષ્ફળ જવાની શક્યતા ચાર ટકા વધી જાય છે.

તમે ચુંબક તો જોયું જ હશે. એક નાનકડો ચુંબકનો ટુકડો લોખંડને કેવું એની પાસે ખેંચી લાવે છે. એ ચુંબક કેવી રીતે કામ કરે છે? એની શક્તિ આમ આપણે નથી જોઈ શકતા પણ જેવું એ લોખંડની પાસે આવે કે તરત જ એનો પરચો બતાવે છે. મનથી કરેલી પ્રાર્થનાઓ પણ એ ચુંબકના ટુકડા સમાન છે. એ કયા સમયે તમારી મદદ કરી જશે એ કોઈ નથી જાણતું પણ એ મદદ કરે છે એ હકીકત છે.

મોટાભાગના લોકો ભૂલ ક્યાં કરે છે, ખબર છે? જે કાર્ય રોજ થવું જોઈએ એ ક્યારેક જ કરે છે! ઘણા લોકોને દુઃખ આવે ત્યારે જ ભગવાન સાંભરે છે. માની લો કે દસ માણસો એક ખાડામાં પડી ગયા અને બહાર આવી શકે એમ નથી. એમાંના ચાર જણા પ્રાર્થના કરવા લાગી જાય છે. ચાર જણા બેબાકળાં થઈ બૂમો પાડવા લાગે છે. બાકીના બે જણા ઘડીક પ્રાર્થના કરી, મન શાંત થતાં જ બહાર આવવાનો ઉપાય ખોળવા લાગે છે. એ જાતે બહાર આવી શકે એમ ન હોય તો પણ બહારથી કોઈ મદદ આવે ત્યાં સુધી એ પોતે ટકી રહે છે અને બીજાને પણ હિંમત બંધાવે છે. આ બધામાંથી બચી જવાની શક્યતા એ બે માણસોની સૌથી વધારે છે. જે દુખ દેખાય ત્યારે જ પ્રાર્થના કરતા હોય એમને એમની પ્રાર્થનમાં વિશ્વાસ જગાવતા સમય લાગે છે. ક્યારેક તરત ફળ ના મળે તો ઈશ્વર નથી એવું માની લેતા પણ એમને વાર નથી લાગતી. આવા લોકો દરેક વખતે સફળ નથી થતાં. જે લોકો ક્યારેય પ્રાર્થના કરવામાં માનતા જ નથી એ લોકો પાસે એમનાથી કશું જ થઈ શકે એમ ના હોય ત્યારે હિંમત ટકાવી રાખવાનું મુશ્કેલ બને છે. એ લોકો પ્રયત્ન કરે તો મુશ્કેલીમાંથી બહાર જરૂર આવી શકે છે પણ એ માટે ખૂબ દ્રઢ મનોબળ જોઈએ. જે લોકો રોજ પ્રાર્થના કરે છે, ઈશ્વરમાં ભરોસો મૂકે છે એમને ખાતરી હોય છે કે એમનું મૃત્યું આમ ખાડામાં પડી જઈને મરી જવાથી નથી થવાનું. એ પોતે કશું જ કરી શકે એવું ના હોય ત્યારે પણ એમનો ઈશ્વર પરનો ભરોસો એક પળ માટે પણ નથી ડગતો અને ત્યારે જ એમને કોઈક ને કોઈક મદદ ચોક્કસ આવી મળે છે.

અણીના સમયે મદદે આવનાર ભલે એક અદનો માણસ હોય પણ એ દેવદૂત હતો. તેને ઈશ્વરે જ તમારી પ્રાર્થના સાંભળી મદદ કરવા મોકલ્યો હતો. - આવું જે વિચારી શકે તે અદભૂત આનંદના અધિકારી થાય છે.

અમસ્તું,

પ્રાર્થના રોજ કરવી અને ભગવાનને નહીં પણ પોતાને રાજી રાખવા કરવી.

@KapadiaNiyati

તમે કેટલું સરસ અંગરેજી બોલો છો

"લે, અમિતભલ્લઈ, સારું થયું તમે મળી ગયા તે! આમે ય તમારું એક કામ પડ્યું છે." દક્ષાભાભીએ મને શાકમાર્કેટમાં પકડી પાડ્યો. મેં કહ્યું, "અરે, દક્ષાભાભી, તમે! બોલો ને, શું કામ છે?" એ બોલ્યાં, "આ તમે કેટલું સરસ અંગરેજી બોલો છો, અમિતભ'ઈ! આ એમને તમે ના શીખવાડો?" મારા ચહેરા ઉપર મૂંઝવણના ભાવ જોઈને એમણે વાત સ્પષ્ટ કરી, "હું કેટલાય દિવસથી વિચારતી હતી કે અમિતભલ્લઈને કહું કે જરા એમને પણ અંગરેજી શીખવાડે. અમારે બબલુ ને ટીની તો કહી-કહીને થાક્યાં કે પપ્પા, તમને તો કઈં ફરક પડતો નથી પણ બધે અમારી આબરૂ જાય છે. પણ તમારા ભલ્લઈબંધ તો તમને ખબર છે ને કેવા જિદ્દી છે!"

હું હા કે ના- કઈં પણ કહેવાની સ્થિતિમાં નહોતો! હા કહું તો મિત્રનું ખરાબ બોલાય અને ના કહું તો ભાભીને ખોટું લાગી જાય! મેં વચલો રસ્તો કાઢ્યો, "ભાભી, તમને એવું નથી લાગતું કે આના માટે આપણે શાંતિથી વાત કરવી પડશે? એક કામ કરો, તમે ઘરે આવો. નેહાને પણ સારું લાગશે. બેસીને ચર્ચા કરીએ."

દક્ષાભાભી બોલ્યાં, "ભ'ઈ, વાત તો તમારી બરાબર છે. હું સાંજે બહારનું કઈંક કામ કાઢીને નીકળીશ અને તમારે ત્યાં આવી. વીથ ધેટ એક્સક્યુજ, નેહાબેનને પણ મળી લઈશ." હું મૂંઝાઇ ગયો. મારો ચહેરો જોઈને એ સમજી ગયાં. મને કહે, "એ બહાને...વીથ ધેટ એક્સક્યુજ!" હું બોલી ઊઠ્યો, "એક્સક્યુજ મી ....આઈ મીન, એક્સક્યુઝ મી ભાભી, પણ આ બહાને શું કામ? તમે તો નેહાને ગમે ત્યારે મળી શકો એવા આપણા પારિવારિક સંબંધો છે." એ ખુશ થઈ ગયાં, "એટલે જ તો તમને આ કામ સોંપ્યું, ભલ્લઈ! તમારા ભલ્લઈ કોઈનું ય માને એમ નથી તમારા સિવાય! બહુ એલિગંટ છો!" અત્યાર સુધીની વાતચીત પરથી મેં તારવી લીધું કે દક્ષાભાભી "એરગંટ" કહેવા માંગતાં હતાં! મને છેક હોઠ સુધી આવી ગયું કે "હા, હા, ભાભી, તમે બંને પતિ-પત્ની અંગ્રેજી શીખો! બાય વન ગેટ વન ફ્રી!" પણ પછી મને થયું કે સભ્ય માણસોએ એવી વાત કરવી શોભાને પાત્ર નથી.

બીજે જ દિવસે સાંજે દક્ષાભાભીએ અમારા ઘરે પધરામણી કરી. નેહા ચા-નાસ્તો લઈને રસોડામાંથી આવી એટલે દક્ષાભાભી બોલ્યાં, "નેહાભાભી, તમને ખોટી તકલીફ આપી ને મેં! આવું જ થાય. કોઈકના ઘરે જઈએ એટલે એ પાછા સ્નેઈક લાવે!" નેહા મારી સામે જોઈ રહી. હું ધીમેથી બોલ્યો, "નાસ્તો! દક્ષાભાભીનો મતલબ નાસ્તો છે! ઉચ્ચાર પર ધ્યાન ના આપીશ!"

તે પછી તો દક્ષાભાભીએ વિગતે એમની વીતકકથા રજૂ કરી. કેવી રીતે રમેશ "અંગરેજી"માં ક્યાં ક્યાં લોચા મારે છે, એને કારણે પરિવારને કેટલું શરમાવું પડે છે, વગેરે વગેરે. છેલ્લે ઊઠતાં-ઊઠતાં બોલતાં ગયાં, "અમિતભ'ઈ! હવે તમે જાણો અને તમારા ભ'ઇ જાણે! નાઉ યૂ નો એન્ડ યોર બ્રધર!"

દક્ષાભાભીના ગયા પછી હું બોલી પડ્યો, "આ રમેશિયાની જ વહુ છે! મારે પ્રત્યક્ષ રીતે રમેશને અને પરોક્ષ રીતે ભાભીને, બેયને સંભાળવાનાં છે!"

ખેર, અમે પ્લાન કર્યા મુજબ મેં રજાને દિવસે રમેશને ઘરે છાપો માર્યો. રમેશ એના ડ્રોઈંગ રૂમમાં બેઠો-બેઠો ટી.વી. જોઈ રહ્યો હતો. મને જોઈને એ ખુશ થઈ ગયો, "અરે, અમિતિયા! તું ક્યાંથી? વ્હેર ફ્રોમ?" એટલામાં દક્ષાભાભી રસોડામાંથી સાડી વડે હાથ લૂછતાં-લૂછતાં બહાર આવ્યાં. "ઓહો અમિતભલ્લઈ...તમે? આવો, આવો, ટીની, કિચેનની બારી બંધ કરી દેજે ને..."

મેં રમેશને કહ્યું, "બસ, એમ જ...ઘણા વખતથી તને મળ્યો નહોતો. અહીંથી નીકળતો હતો તો થયું કે લાવ, તને મળતો જઉં." રમેશ કહે, "પીજા...."મેં એને અધવચ્ચે જ અટકાવ્યો, "કઈં પીવાની ઈચ્છા નથી. ભાભી, ચા-કોફી કઈં ના મૂકતાં?" રમેશે કપાળ કૂટ્યું, "તું કાયમ સ્પીડી બોય રહ્યો! બહુ ઉતાવળો! અરે, તારી ભાભીએ આજ જમવામાં પીજાનો પોગરામ રાખ્યો છે. ખાધા વગર ના જતો. પાછું કઈંક મ્યુજિક ને એવું બધું પણ રાખ્યું છે." મેં કહ્યું, "અચ્છા, એમ! ના, ના, હું રોકાઈ શકું એમ નથી. નેહા રાહ જોતી હશે." રમેશ કહે, "ઓહ ગોડ, શેવ મી! તું આવું બધુ બોલે ને એટલે દક્ષા મને સંભળાવે કે જુઓ, બીજા હસબંડો વાઈફોની કેટલી કેર કરે છે ને એક તમે છો...યૂ આર વન, યૂ સી!" મને બોલવાનું મન થઈ આવ્યું કે કેર તો તું કરે છે ને તે ય કાળો! પણ મેં ચૂપ રહેવાનુ મુનાસિબ માન્યું.

એટલામાં બબલુ અને ટીની આવ્યાં. બબલુ મને જોઈને કહે, "અમિતઅંકલ, તમે! બહુ ટાઈમે આયા! મને યાદ છે, ઓક્ટોમ્બરમાં મારી એકજામ હતી ત્યારે તમે આયેલા!" હજી તો હું આઘાતમાંથી બહાર આવું એ પહેલાં ટીની બોલી ઊઠી, "હાસ્તો! તે